સરખેજ પોલીસ સ્ટેશનને અમદાવાદ રૂરલમાંથી રદ કરી અમદાવાદ શહેરમાં સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૧૦/૮૪૮/વ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 02 AUG 2013

<u>વંચાણે લીધો:</u>

(૧) ગૃહ વિભાગનું તા.૧૫-૧૨-૨૦૧૦ જાહેરનામા ક્રમાંક: જીજી/૮૭/PST/૧૦૨૦૧૦/૮૪૮/ વ
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૧૨-૪-૧૩નો પત્ર ક્રમાંક: ઇ.૨/૧૫૩૬/સરખેજ પો.સ્ટે./૬૪૩/૨૦૧૩
(૩) ગૃહ વિભાગનું તા.૨૩/૭/૨૦૧૩ જાહેરનામા ક્રમાંક: જીજી/૪૯/PST/૧૦૨૦૧૦/૮૪૮/ વ

<u>ઠ રા વ:</u>

વંચાણે લીધેલ સંદર્ભ(૧)ના જાહેરનામાથી અમદાવાદ રૂરલ જિલ્લામાં સરખેજ સબ ડીવીઝન હેઠળના સરખેજ પોલીસ સ્ટેશન હેઠળ (૧) સરખેજ (૨) મહંમદપુરા (૩) ગેલજીપુર (૪) મકરબા (૫) આંબલી (૬) હેબતપુરા (૭) ગોતા (૮) છારોડી (૯) જગતપુર (૧૦) રાહાપુરા (૧૧) ઓગણજ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) ના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના પત્રથી સરખેજ પોલીસ સ્ટેશનનો અમદાવાદ રૂરલમાંથી અમદાવાદ શહેર પોલીસ વિસ્તારમાં સમાવેશ કરવા દરખાસ્ત કરેલ હતી. સંદર્ભ (૩) સામે વંચાણે લેવામાં આવેલ તા.૨૩/૭/૨૦૧૩ ના જાહેરનામાથી સરખેજ પોલીસ સ્ટેશનનો વિસ્તાર અમદાવાદ રૂરલમાંથી રદ કરવામાં આવેલ છે. આથી સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તાર અમદાવાદ શહેર પોલીસ વિસ્તારમાં સમાવિષ્ટ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તાર અમદાવાદ શહેર વિસ્તારમાં સમાવિષ્ટ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. સરખેજ પોલીસ સ્ટેશનના હાલના વિસ્તારને અમદાવાદ શહેર વિસ્તારમાં નીચે મુજબના પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવેશ કરવામાં આવે છે

(અ) સરખેજ પોલીસ સ્ટેશન:- (૧) સરખેજ ગામ (૨) મહંમદપુરા (૩) મકરબા ગામ (૪) ગલજીપુરા (૫) આંબલીગામ

(૨) સોલા પોલીસ સ્ટેશન:- (૧) ગોતા (૨) આગણજ (૩) હેબતપુરા (૪) છારોડી ગામ અને તેના ગામ તળ સહીતનો સમગ્ર વિસ્તાર.

(3) ચાંદખેડા પોલીસ સ્ટેશન:- જગતપુર ગામ ગામતળ સહિતનો વિસ્તાર.

(૪) સરખેજ પોલીસ સ્ટેશનના વિસ્તારને અમદાવાદ શહેર વિસ્તારમાં સમાવેશ કરવા માટે કરવાની થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તથા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદએ હાથ ધરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨/૭/૨૦૧૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.આર.ભમ્મર)
ઉપસચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- મા. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા. રા.ક. મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી અમદાવાદ
- નાયબ સેક્શન અધિકારીશ્રી
- સિલેક્ટ ફાઇલ.